**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai**
*Conducted*
**MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI**

542, Jagannath Shankar Sheth Road, Chira Bazar, 3rd Floor, Above Dashshrimali office, Mumbai – 400 002.
Tel.: 22018629 Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

## ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૯ થી ૧૨

## શ્રેણી – ૨૦

**પ્રશ્ન ૧ સામાયિક પ્રતિક્રમણ કર્મગ્રંથ – ૨** (૨૦)

**(અ) સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો.**

(૧) નીચેના શબ્દો કયા પાઠના છે ? પડી, જાડી, કુડી, ચાડી (૨)

(૨) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (અર્થ આપ્યો છે એના માગધી શબ્દો લખો (૪)
(૧) હે પૂજ્ય ! (મારા સ્પર્શથી) આપને (૨) રખે ! (૩) મારી. (૪) જે

(૩) નીચેના વાક્યો ક્યા પાપસ્થાનક માટે બંધબેસતા છે ? એ પાપસ્થાનકનું નામ લખો. (૪)
(૧) ખોટા દસ્તાવેજ બનાવવા (૨) મર્યાદા ઉપરાંત થાળી-વાટકા રાખવા (૩) જૂ ને પાણીમાં નાંખવી (૪) સ્વાધ્યાય કરતા કંટાળો આવવો.

**(બ) કર્મગ્રંથના આધારે નીચેના જવાબ લખો. (કોઈ પણ પાંચ)** (૧૦)

(૧) અનુદય યોગ્ય પ્રકૃતિઓ કઈ કઈ છે ?

(૨) પહેલા ગુણસ્થાનકે હેમવયના મનુષ્યોને પાંચ શરીર, ૩ અંગો પાંગ, ૫ સંઘયણ, ૫ સંસ્થાન માંથી શું શું ઉદયમાં હોય ?

(૩) પાંચે નિદ્રાનો ઉદય કયા કયા ગુણસ્થાનકે હોય ?

(૪) કેવળીને સ્થાવર દસકની કેટલી, અને કઈ કઈ પ્રકૃતિ ઉદયમાં હોય ?

(૫) સાધુને નીચેની પ્રકૃતિનો ઉદય કયા કયા ગુણસ્થાનક સુધી હોય ? દુર્ભગ નામ, શોક, આદેય નામ, છેવટ્ટુ સંઘયણ

(૬) નરકાનુપૂર્વી, મતિજ્ઞાનાવરણીય, ઉદ્યોતનામ, પુરૂષવેદ એ ચારનો ઉદયવિચ્છેદ કયા ગુણસ્થાનકે થાય ?

**પ્રશ્ન ૨ આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો. (૧, ૨, ૨)** (૫)

(૧) સે સુયં ચ મે અજ્ઝત્થયં ચ મે, બંધપમોક્ખો અજ્ઝત્થેય સૂત્ર સમજાવો.

(૨) એક શબ્દમાં જવાબ લખો. (૧) જન્મમરણનો માર્ગ કેવો છે ? (૨) સંયમમાં પ્રગતિ ન કરનાર સાધકોની ગતિ કેવી છે ? (૩) યુદ્ધ કોની સાથે કરવાનું છે ? કયો દ્વીપ આશ્રય સ્થાન છે ?

(૩) ખાલી જગ્યા પૂરો. (૧) ............ તેમજ, અનશન ............ સ્થિત શ્રમણ જીવવાની આકાંક્ષા કરે નહિ (૨) લોકમાં જે કોઈ ............ સપ્રયોજન કે વિષ્પ્રયોજન ............ કરે છે.

**પ્રશ્ન ૩ ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો.** (૧૦)

(૧) દુર્ગતિનું ૧ લું અને ૩ જું કારણ, પહેલું દુર્ગમ સ્થાન અને બીજી અને ચોથી સેનાનું નામ લખો.

(૨) નરકાવાસા કેવા છે ? કેટલા છે ? કયા કયા ?

(૩) વ્યાખ્યા લખો. (૧) આગમ વ્યવહાર (૨) અર્થ દંડ (૩) દમાતવાયુ (૪) સુધર્મા સભા (૫) અકાંતવાયુ

(૪) સાધુજીવનની આચાર સંહિતા લખીને ધારણા ન હોય ત્યાં કયા વ્યવહારથી કાર્ય કરવું જોઈએ તે લખો.

પ્રશ્ન ૪ શ્રી જ્ઞાતાધર્મકથાના આધારે જવાબ લખો. (૧૦)

(અ) ખાલી જગ્યા પૂરો. (૫)

(૧) ચંપા નગરીના ................. તથા ................. માર્ગોમાં આ પ્રકારે ઉદ્‌ઘોષણા કરવા કહયું.
(૨) તેઓ અંગોપાંગથી પરિપૂર્ણ ................. તથા ................. લોકો માટે ................. હતા.
(૩) કનક કેતુ રાજાએ ................ અને ................ થઈને ધન્ય સાર્થવાહ ની મૂલ્યવાન ભેટનો સ્વીકાર કર્યો.
(૪) જે સાધુ-સાધ્વી ................. થઈને પાંચે ................ વિષયોમાં ................ થાય છે.

(બ) આ અધ્યયનમાં રૂપક દ્વારા શું સમજાવ્યું છે તે લખો. (૫)

**અથવા**

પ્રશ્ન ૪ સુંસુમાને આધારે જવાબ લખો. (૧૦)

(અ) ખાલી જગ્યા પૂરો –

(૧) ધન્ય ................. ત્યાં ................. નામનો ................. નોકર હતો. (૫)
(૨) વિજય ચોર ઘણાં ચોરો, ............, ............, ............ આદિ માટે ............ હતો.
(૩) આ બધુ જોઈને ચિલાતચોર ભયભીત થઈ ગયો અને ............ દારિકાને લઈને એક ............ ઘૂસી ગયો.

(બ) કેવા શ્રમણો પૂજનીય થાય છે, તેઓ આહાર શા માટે કરે છે ? (૫)

પ્રશ્ન ૫ શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(અ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા ? ખોટા હોય તે સુધારીને લખો. (૫)

(૧) દ્વારિકા ૯ યોજન લાંબી ૧૨ યોજન પહોળી હતી
(૨) વાસુદેવે દીક્ષા લીધી નથી અને લેશે પણ નહિ.
(૩) કૃષ્ણ વાસુદેવ કાળ કરી ત્રીજી નરકમાં ઉત્પન્ન થશે
(૪) મહાવીર પ્રભુનો ધર્મોપદેશ સાંભળી મહારાણી પદ્માવતી ને વૈરાગ્ય જાગ્યો.
(૫) પદ્માવતીને પાટ પર બેસાડી ૮૬૪ સુવર્ણ કળશોથી મહાભિનિષ્કમણાભિષેક કર્યો
(૬) પદ્માવતી આર્યાએ યક્ષિણી આર્યા સમીપે સામાયિકથી લઈ અગિયાર અંગોનું અધ્યયન કર્યું.
(૭) પદ્માવતી ૫૦ દિવસ અનશન કરીને સિદ્ધગતિ પામ્યા.

(બ) એક શબ્દમાં જવાબ લખો. (૩)

(૧) દ્વારિકા નગરીમાં કોણ સમોસર્યું ?
(૨) કોણ પોતાને અધન્ય માને છે ?
(૩) કોના ક્રોધને કારણે દ્વારિકા નગરી બળી જશે ?
(૪) કોની જેમ ઈન્દ્રિયો વશમાં રાખવી જોઈએ.

(ક) કોણ કોને કહે છે (૨)

(૧) હે દેવાનુપ્રિયે આ દ્વારિકા નગરીનો સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિના કોધથી નાશ થવાનો છે.
(૨) ધર્મ કાર્યમાં વિલંબ ન કરો.
(૩) એવું ક્યારેય થયું નથી. થતુ નથી અને થશે નહિ.

**અથવા**

પ્રશ્ન ૫ શ્રી નિરયાવલિકા સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(અ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા ? ખોટા હોય તે સુધારીને લખો. (૫)

(૧) સોમિલ બ્રાહ્મણ ૧૧ અંગનો જાણકાર હતો.
(૨) સોમિલ બ્રાહ્મણ સત્સંગના અભાવે શ્રાવકધર્મથી ચ્યૂત થઈ ગયો.
(૩) સોમિલ વારાણસી નગરીમાં રહેતો હતો.
(૪) સોમિલે પહેલા નેમનાથ પ્રભુ પાસે શ્રાવકવ્રત અંગીકાર કરેલા.
(૫) સોમિલે ૧૫ દિવસની સંલેખના દ્વારા આત્માની આરાધના કરી.
(૬) એકદા શુકદેવ ભગવાન મહાવીર સ્વામીના દર્શનાર્થે પધારેલા
(૭) શ્રાવકધર્મનું પાલન કરનારની ગતિ વાણવ્યંતર દેવની થાય છે.

(બ) એક શબ્દમાં જવાબ લખો. (૩)

(૧) સોમિલ કયા પ્રકારનો તાપસ થયો. ?
(૨) નિરંતર છઠ્ઠથી કઈ તપસ્યા કરી. ?
(૩) સોમિલની પ્રવજ્યાને દેવે કેવી કહી ?
(૪) શેના વિનાનું ચારિત્ર પાલન સફળ થતું નથી ?
(૫) ભગવાન પાસે કયો ધર્મ સ્વીકાર્યો ?
(૬) સોમિલે મોઢાને શેનાથી બાંધ્યુ ?

(ક) કોણ કોને કહે છે ? (૧) મારી પ્રવજયા દુષ્પ્રવજ્યા કેમ છે ? (૨) શુક્ર મહાગ્રહ દેવરૂપે ઉત્પન્ન થયા. (૨)

પ્રશ્ન ૬ શ્રી ઉત્તરાધ્યયનના આધારે જવાબ લખો. (૧૫)

(અ) ગાથા પૂરી કરીને. ભાવાર્થ લખો. (કોઈ પણ ત્રણ) (૯)

(૧) પુઢવી કાય ....... (૨) તેઈંદિયકાય ....... (૩) ધમ્મં પિ ....... (૪) ચિચ્ચાણં .......

(બ) નીચેના પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો. (૬)

(૧) ડાભના અગ્રભાગ પર શું લટકે છે ?
(૨) શેનો પ્રમાદ નથી કરવાનો.
(૩) કર્મોનો ઉદય કેવો છે.
(૪) પતંગિયા રૂપે કેટલો કાળ પસાર થાય છે ?
(૫) નરકના લગાતાર કેટલા ભવ થાય ?
(૬) જીવ જન્મમરણના ચક્રમાં શું કરે છે ?
(૭) દુર્લભ મનુષ્ય જન્મ મળવા છતાં શું પ્રાપ્ત થવું કઠિન છે.
(૮) ધર્મ શ્રદ્ધાળુ લોકો પણ સંસારમાં શેમાં ફસાય છે ?
(૯) શીઘ્રઘાતક રોગ શરીરને શું કરે છે ?
(૧૦) કયા માર્ગનું શોધન કરવાનું છે ?
(૧૧) દરિદ્રતાને કારણે કોણે દુ:ખી થવું પડે છે ?
(૧૨) દેહમુક્ત થવાથી શું પ્રાપ્ત થાય ?

પ્રશ્ન ૭ શ્રી ભગવતી સૂત્રના આધારે જવાબ લખો. (૨, ૨, ૩, ૩) (૧૦)

(૧) વ્યાખ્યા લખો. હિયમાન, સોવચય, કતસંચય, અલ્પબહુત્વ
(૨) દેવકુરુના સંજ્ઞી મનુષ્ય, અને સિદ્ધનો વર્ધમાન અને અવસ્થિત કાળ લખો.
(૩) સમુચ્ચય જીવ, રત્નપ્રભાના નારકી, સૂર્યરત્ન અને અકાયમાં સોવચય આદિ કેટલા અને કયા કયા ભાંગા લાભે ?

પ્રશ્ન ૮ શ્રી પન્નવણા સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

(૧) હરિવર્ષના મનુષ્યને કેટલા શરીર હોય ? એમના શરીરની અવગાહના લખો.
(૨) સ્વામી દ્વાર લખો.
(૩) ઔદારિક અને વૈક્રિય શરીરની વ્યાખ્યા લખ્યો.
(૪) વૈક્રિય શરીરના સંસ્થાન, સંયોજન અને પ્રયોજન લખો.
(૫) સંસ્થાન, અવગાહના, પુદ્ગલચયન, દ્રવ્યાર્થક અને શરીર એ પાંચના અર્થ લખો.

પ્રશ્ન ૯ માર્ગણા – નીચેનામાં માત્ર જીવના ભેદ લખો.

(૧) નિશ્ચય એકાવતારી
(૨) અપકાય
(૩) બોલી શકે એવા તિર્યંચ
(૪) ઊર્ધ્વલોક દેવી
(૫) વચન યોગવાળા નારકી
(૬) અધોલોક ગર્ભજ
(૭) ઊર્ધ્વલોક પંચેંદ્રિય તેજોલેશ્યા
(૮) અધોલોક ત્રસ ઔદારિક
(૯) મિશ્રદ્રષ્ટિ
(૧૦) ત્રણ લેશી એકાંત મિથ્યાદષ્ટિ તિર્યંચ

.... જય જિનેન્દ્ર .....